PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/કવા–૦૨/૧૮–૧૯/ 8932-2 તા. 25-9-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાભી દેવશીભાઈ માધાભાઈ,
ગામ: જામગઢકા
તા. કલ્યાણપુર,
જી: દેવભૂમી દ્રારકા
પીનકોડ–૩૬૧૩૨૦
મો: ૯૮૭૯૪ ૧૪૧૪૭

(1A)

વિષય :–ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૮/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૮/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગઃ તા. ૨૦–૦૯–૧૮ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ ડાભી દેવશીભાઈ માધાભાઈ, ગામઃ જામગઢકા

રજુઆત કરનારઃ અરજદાર ડાભી દેવશીભાઈ માધાભાઈ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે– તેઓએ પોતાના નામથી નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરેલ હતી, તે અરજી ના અનુસંધાને મળેલ ભાવપત્રક પણ તેઓએ ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, ઘણા સમયગાળા થી તેઓને વીજજોડાણ મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી દેવશીભાઈ માધાભાઈ ડાભી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. જામગઢકાખાતે ખેતીવાડી વિજ જોડાણ બાબત માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને કલ્યાણપુર પેટા વિભાગીય કચેરીદ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર અરજદાર દ્વારા તા. ૨૦.૦૪.૨૦૧૬ ના રોજ રસીદ નંબર ૫૦૭૦૧૦/૧૧-૧૨ થી ભરપાઈ કરેલ.પરંતુ સ્થળ પર કામગીરી હાથ ધરતા અરજદારની બાજુના નીચે જણાવેલા ખેડૂતો દ્વારા લેખિતમાં વાંધા અરજી આપેલ છે.<br>૧) જેરામભાઇ રૂડાભાઇ ડાભી<br>૨) જગુભાઈ પમાભાઇ ડાભી<br>૩) રતનશીભાઇ કાનજીભાઇ ડાભી<br>૪) રાજાભાઈ હરજીભાઇ ડાભી<br>ઉપરોક્ત ખેડૂતો દ્વારા વાંધો લેવામાં આવતા અરજદારના વિજ જોડણને નડતાં પ્રશ્નો નું નિરાકરણ લાવવા માટે પ્રાંત અધિકારીને નિરાકરણ માટે મોકલવેલ છે. જેની એક તારીખ ૨૬.૦૭.૨૦૧૭ આવેલ હતી. આ તારીખે સદર કેશનું નિરાકરણ આવેલ નથી. સદર બાબતે પ્રાંત કચેરીનો આ બાબતે રૂબરૂ સંપર્ક કરતાં તેઓ દ્વારા હવે પછી નવી તારીખ જણાવવામાં આવશે એવું જણાવેલ. આ સંદર્ભે અરજદારને પત્ર તા.૧૮.૦૯.૨૦૧૮ થી દ્વારા જાણ કરેલ છે . |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી દેવશીભાઈ માધાભાઈ ડાભી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. જામગઢકાખાતે ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે ની અરજી કરેલ હતી, તે અરજી ના અનુસંધાને મળેલ ભાવપત્રક પણ તેઓએ ભરપાઈ કરી આપેલ છે. પરંતુ સ્થળ પર કામગીરી હાથ ધરતા અરજદારની બાજુના ખેડૂતો દ્વારા લેખિતમાં વાંધા અરજી આપેલ છે. અરજદારના વિજ જોડણને નડતાં પ્રશ્નો નું નિરાકરણ લાવવા માટે પ્રાંત અધિકારીને તારીખ ૨૨.૦૫.૨૦૧૭ થી નિરાકરણ માટે મોકલવેલ છે. જે હાલ મા પડતર છે. |
| ૩.૨ | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદદા નં: ૨.૩૦(૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – ન્યાયિક પ્રક્રીયા હેઠળ પ્રાંત અધિકારી દ્વારકા ખાતે પડતર હોય – જેથી સદર કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.